### આણંદમાં ડૉ. હેનિમેન ઓનલાઇન હોમિયોપેથી કોર્સનો રાજ્યપાલે પ્રારંભ કરાયો

# હોમિયોપેથીએ ઋષિ પરંપરાનો ભાગ છે

**પ્રાકૃતિક ખેતી અને** જીવનશૈલી અપનાવવા અનુરોધ કર્યો






(પ્રતિનિધિ) આણંદ તા.11

આણંદ ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ હોમિયોપેથી સારવાર પદ્ધતિને માનવ કલ્યાણ માટે અનિવાર્ય ગણાવી હતી. તેમણે જણાવ્યું કે આ પદ્ધતિ માત્ર શરીર જ નહીં, પણ માનવીના મન, આત્મા અને ચિત્તને પણ યોગ્ય દિશામાં લઈ જઈ સ્વાસ્થ્ય પ્રદાન કરે છે. આ પ્રસંગે તેમણે હોમિયોપેથીના આધુનિક ડિજિટલ અભ્યાસક્રમોનો પ્રારંભ કરાવી, પ્રાકૃતિક જીવનશૈલી દ્વારા બીમારી મુક્ત સમાજના નિર્માણ પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ભારપૂર્વક જણાવ્યું કે, ભારતમાં પ્રાચીન ઋષિ પદ્ધતિની જીવનશૈલી રહી છે, જેમાં યોગ, પ્રાણાયામ અને ધ્યાનનો સમાવેશ થાય છે અને હોમિયોપેથી આ પરંપરાનો જ એક ભાગ છે. ચોક્કસ લક્ષણો સાથે કરવામાં આવતી હોમિયોપેથી સારવાર અદભૂત પરિણામો આપે છે. કેન્દ્ર સરકારે પણ આવી પરંપરાગત સારવાર પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે જ 'આયુષ મંત્રાલય'ની સ્થાપના કરી છે.

આણંદમાં એન.ડી.ડી.બી. ખાતેથી રાજ્યપાલે 'ડૉ. હેનિમેન એપ્લાઇડ હોમિયોપેથી ઓનલાઈન અભ્યાસક્રમ' અને 'ઓર્ગેનન ઓફ મેડિસિન ડિજિટલ ડેવલપમેન્ટ' કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. હોમિયોપેથી અભ્યાસક્રમનો વ્યાપ વધે તે માટે તેમની ઉપસ્થિતિમાં સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, દેશભરમાંથી આવેલા 45 જેટલા નિષ્ણાત તબીબોનું રાજ્યપાલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

હોલિસ્ટિક હેલ્થ કેરનું વિઝન કાર્યક્રમના પ્રારંભમાં ડૉ. કૃતિક શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હોલિસ્ટિક હેલ્થ કેરના સ્વપ્નને સાકાર કરવા માટે એલોપથી, હોમિયોપેથી અને નેચરોપેથીના નિષ્ણાતો સાથે મળીને સમાજના ભલા માટે કાર્ય કરશે. આ પ્રસંગે સાંસદ ડૉ. જશવંતસિંહ પરમાર, મિતેશભાઈ પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નિરંજન પટેલ અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડામાં જિલ્લા પંચાયતનો ગેટ બન્યો 'મોતનો છટકું' સમાન

**કલેક્ટર** અને એસપી કચેરીની બિલકુલ નજીક હોવા છતાં તંત્રની ઘોર બેદરકારી



(પ્રતિનિધિ) લુણાવાડા તા.11

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવેલી જિલ્લા પંચાયત કચેરીના મુખ્ય પ્રવેશદ્વાર પર જાળવણીના અભાવે લોખંડની એંગલો તૂટી ગઈ છે. આ અત્યંત જોખમી સ્થિતિને કારણે અહીંથી પસાર થતા હજારો નાગરિકોના માથે અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે. તંત્ર દ્વારા આ ગંભીર બાબતે દાખવવામાં આવી રહેલી ઘોર ઉદાસીનતાને લઈ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મહિસાગર જિલ્લા પંચાયતના ગેટ પર લાગેલી લોખંડની એંગલો કટાઈને તૂટી ગઈ છે અને જોખમી રીતે બહાર નીકળીને પહોળી થઈ ગઈ છે. વાહનચાલકો કે રાહદારીઓનું ધ્યાન સહેજ પણ ચૂકે, તો ગંભીર શારીરિક ઈજા થવાની પૂરેપૂરી સંભાવના છે. આશ્ચર્યની વાત તો એ છે કે, જિલ્લા પંચાયતની બિલકુલ બાજુમાં જ કલેક્ટર કચેરી અને એસપી ઓફિસ આવેલી છે. દરરોજ અહીંથી ઉચ્ચ અધિકારીઓના કાફલા પસાર થાય છે, તેમ છતાં આ ગંભીર સમસ્યા કેમ કોઈના ધ્યાને આવતી નથી, તેવો વેધક પ્રશ્ન સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.

# સંતરામપુર-શામળાજી બસ ટૂંકા ગાળામાં જ બંધ

**મુસાફરો અને** વિદ્યાર્થીઓની હાલાકીમાં વધારો થયો

(પ્રતિનિધિ) ખાનપુર તા.11

સંતરામપુર ડેપો દ્વારા હાલમાં જ મુસાફરોની સુવિધા માટે શરૂ કરવામાં આવેલી સંતરામપુર-શામળાજી બસ સેવા અચાનક બંધ કરાતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સંતરામપુરથી વહેલી સવારે 4 કલાકે ઉપડતી આ લોકલ બસ કડાણા, દીવડા, મુનપુર, વેલણવાડા, ભાગલીયા, કોલંબી, ખાનપુર, બાકોર, બાબલીયા અને માલપુર થઈને મોડાસા તથા શામળાજી સુધી જતી હતી. આ રૂટ વચ્ચે આવતા અનેક ગામોને સાંકળતો હોવાથી તે વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને યાત્રાધામ શામળાજી જનાર યાત્રાળુઓ માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહ્યો હતો.

પરંતુ, કોઈ અગમ્ય કારણોસર આ નવી બસ સેવા બિલકુલ બંધ કરી દેવામાં આવતા મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે. આ બસ દરરોજ વહેલી સવારે 7 વાગ્યાની આસપાસ જે-તે ગામોમાં પહોંચતી હતી, પરંતુ હવે તે બંધ હોવાથી ખેત મજૂરો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને દૈનિક કામ અર્થે જતાં નાગરિકોને સમયસર પહોંચવામાં ભારે તકલીફ પડી રહી છે. બસની સુવિધાના અભાવે હવે મુસાફરોએ મજબૂરીમાં ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે, જેના કારણે તેમના પર આર્થિક ભારણ વધી રહ્યું છે. નબળા વર્ગના લોકો અને વિદ્યાર્થીઓ માટે ખાનગી વાહનોનું ભાડું પરવડે તેમ ન હોવા છતાં, રોજિંદા કામ અર્થે વધુ નાણાં ખર્ચીને જવા મજબૂર બન્યા છે.

### પ્રારંભિક તપાસમાં લોલમલોલ ચાલતા 47 સીએસસી સેન્ટરોના આઈડી બ્લોક કરાયાં

# આણંદ જિલ્લામાં 1700 CSCની ખરાઈ કરવા માટે તંત્ર દોડતું થયું

**રેટ લિસ્ટ** અને પીસીસી વિના કામગીરી કરવામાં આવતી હતી, વીએલઈ સંચાલકોમાં ફફડાટ વ્યાપ્યો

(પ્રતિનિધિ) આણંદ તા 11

આણંદ જિલ્લામાં કોમન સર્વિસ સેન્ટર (સી.એસ.સી) ખાતે નિયમોના પાલન મુદ્દે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા શરૂ કરાયેલ ચકાસણીના પ્રારંભિક તપાસમાં નક્કી કરેલા નિયમોના ભંગ કરનારા 47 જેટલા સેન્ટરોના લોગિન આઈ ડી તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યા છે. જેને લઈને સીએસસીના સંચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

આણંદ સીએસસી મેનેજર પિનલ પટેલે અને ડિસ્ટ્રિક્ટ મેનેજર હીતેશ ભાઈ જણાવ્યું હતું કે, જિલ્લા હાલમાં 1700 થી વધુ સીએસસી સેન્ટરો કાર્યરત છે. નાગરિકોને વિવિધ સરકારી અને અર્ધ સરકારી સેવાઓ ઓનલાઈન પૂરી પાડવાની કામગીરી કરવામાં આવે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી કેટલીક ફરિયાદો અને આંતરિક તપાસ દરમિયાન સામે આવ્યું હતું. જેમાં ઘણા સેન્ટરો પર નિયમોનું યોગ્ય પાલન થતું ન હતું. ખાસ કરીને રેટ લિસ્ટ ન લગાવવું અને પોલીસ ક્લિયરન્સ સર્ટીફિકેટ (પીસીસી) વિગેરે કામગીરીના નિયમોનો ભંગ કરવામાં આવી રહ્યો હતો.

આ બાબત ધ્યાને આવતાં પ્રાથમિક તબક્કે જિલ્લાના 47 કોમન સર્વિસ સેન્ટરના આઈડી બ્લોક કરીને તેમની કામગીરી અટકાવી દેવામાં આવી છે. તેઓએ વધુમાં જણાવ્યુ હતું કે, જે સેન્ટરો પાસે સ્થાયી ઓફિસ નથી, સરકાર દ્વારા નિર્ધારિત રેટ ચાર્ટ પ્રદર્શિત કરાયા નથી. આ બાબતે તેમની સામે હવે કડક માર્ગદર્શિકા અમલી બનાવવામાં આવી છે.

**સર્વિસ ચાર્જની માહિતી અને PCC દર્શાવવું ફરજિયાત**

દરેક સંચાલકે પોતાના સેન્ટર ફરજિયાત પણે બોર્ડ લગાવવા રહેશે અને ગ્રાહકો જોઈ શકે તે રીતે સર્વિસ ચાર્જનું લિસ્ટ બોર્ડ મૂકવું પડશે.સૌથી મહત્વની બાબત એ છે કે દરેક સંચાલક પાસે પોલીસ ક્લિયરન્સ સર્ટીફિકેટ (પીસીસી) હોવું અનિવાર્ય છે. જો કોઈ સંચાલક આ નિયમોનો ભંગ કરશે તો તેમનું આઈડી પણ બ્લોક કરી દેવામાં આવશે.

# ખંભાતના વાસણા ગામમાં કપિરાજે 3ને બચકાં ભર્યા

**વન વિભાગે** રેસ્ક્યૂ કરી પાંજરે પૂરતાં ગ્રામજનોએ રાહત અનુભવી



(પ્રતિનિધિ) ખંભાત તા 10

ખંભાત તાલુકાના વાસણા ગામમાં એક કપિરાજે આતંક મચાવ્યો હતો. આ કપિરાજે ત્રણ ગ્રામજનો પર હુમલો કરી તેમને બચકા ભર્યા હતા, જેના કારણે સમગ્ર પંથકમાં ભયનો માહોલ છવાયો હતો. વાસણા ગામના સીમ વિસ્તારમાંથી એક કપિરાજ રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવ્યો હતો. તેણે કુમુદબેન રમેશભાઈ પટેલ, તીર્થકુમાર સતિષભાઈ પટેલ અને મફતભાઈ નારણભાઈ પટેલ સહિત ત્રણ વ્યક્તિઓને બચકા ભરી ઈજા પહોંચાડી હતી.

કપિરાજના સતત હુમલાઓને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ હતો. લોકોએ પોતાની સુરક્ષા માટે લાકડીઓ અને અન્ય સાધનો સાથે રાખીને બહાર નીકળવું પડતું હતું. પરિસ્થિતિ વણસતા ગ્રામજનોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. ટીમે ઘટનાસ્થળે પહોંચી કપિરાજને પકડવા માટે પાંજરા ગોઠવ્યા હતા. લાંબી જહેમત બાદ આ હિંસક કપિરાજ પાંજરે પુરાયો હતો. વન વિભાગની ટીમે કપિરાજનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી તેને જંગલ વિસ્તારમાં છોડી મૂકવાની કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજ ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા નિકોન સિનેમેટિક વેડિંગ વર્કશોપ યોજાયો




**કપડવંજ** | કપડવંજ ફોટોગ્રાફર એસોસિએશન અને નિકોન કંપની દ્વારા આયોજિત આ વર્કશોપમાં ફેકલ્ટી ભદ્રેશભાઈ ટેલરે ફોટોગ્રાફી અને વેડિંગ શૂટ અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. આ તાલીમમાં કપડવંજ, કઠલાલ, નડિયાદ, અમદાવાદ અને મોરબીથી આવેલા ફોટોગ્રાફરોએ નવી ટેકનોલોજી અને લેટેસ્ટ કેમેરાના ડિસ્પ્લેનો લાભ લીધો હતો. પ્રમુખ સ્નેહલભાઈ જોશીના સ્વાગત બાદ નિકોનના નિષ્ણાંતો દ્વારા સિનેમેટિક વેડિંગમાં ઉપયોગી એવા આધુનિક કેમેરાની ટેકનિકલ જાણકારી આપવામાં આવી હતી. એસોસિએશનના સભ્યોના સાથ-સહકાર અને ચિરાગભાઈ ભાવસારના સંચાલન હેઠળ આ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે યોજાઈ ગયો હતો.

### કપડવંજની વ્યાસવાસણા પે સેન્ટર શાળાના સ્થાપના દિન નિમિત્તે 'આનંદમેળો' યોજાયો



**કપડવંજ** | વ્યાસવાસણા પે સેન્ટર શાળાના 133મા સ્થાપના દિન નિમિત્તે આચાર્ય કનુભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ આનંદમેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં બાળકોએ વાલીઓના સહયોગથી વિવિધ વાનગીઓ અને ગેમિંગ ઝોન તૈયાર કરીને પાક શાસ્ત્રની કળા તેમજ મનોરંજન સાથે શિક્ષણનો સમન્વય સાધ્યો હતો. વિદ્યાર્થી રોજિંદા જીવનની વ્યવહારું ગણતરી, નફા-નુકસાનનું સમાયોજન અને વ્યવસ્થાપન જેવા પાયાના જીવન કૌશલ્યો શીખી શકે તેવો મુખ્ય હેતુ આ આયોજન કરાયું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજના ઇન્ડિયન મેડિકલ એસો.ના પ્રમુખ પદે ડૉ. હર્ષ પટેલની વરણી કરાઇ



**કપડવંજ** | ઇન્ડિયન મેડિકલ એસોસિએશન કપડવંજના વર્ષ 2026ની ટર્મ માટે પ્રમુખ પદે ડો. હર્ષ પટેલ અને સેક્રેટરી પદે ડો. તેજપાલની સર્વસંમતિથી નિમણૂંક કરવામાં આવી છે. આ નવનિયુક્ત પ્રમુખ ડો. હર્ષે કપડવંજ પંથકમાં આરોગ્ય સેવાઓને વધુ લોકહિતકારી બનાવવાનો અને ડોક્ટર એસોસિએશનને મજબૂત કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. આગામી વર્ષમાં સંસ્થા દ્વારા નિ:શુલ્ક નિદાન શિબિરો, જનજાગૃતિ કાર્યક્રમો અને રોગ નિવારણ માર્ગદર્શન જેવી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવશે. ઇમર્જન્સીના સમયે દર્દીઓને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે હેતુથી એસોસિએશન દ્વારા વિશેષ હેલ્પલાઇન નંબર 9408978148 કાર્યરત કરવામાં આવ્યો છે.

### કપડવંજમાં મકરસંક્રાંતિ પૂર્વે સુરક્ષા અભિયાન : 200 વાહનો પર સેફ્ટી ગાર્ડ લગાવાયા



**કપડવંજ** | કપડવંજ પંથકના યુવાનો દ્વારા ટાઉન હોલ ખાતે એકત્ર થઈને આશરે 200 જેટલા ટુ-વ્હીલર વાહનો પર સેફ્ટી ગાર્ડ લગાવવામાં આવ્યા હતા. આ સુરક્ષા અભિયાનમાં ધારાસભ્ય રાજેશ ઝાલા અને કપડવંજ ટાઉન પોલીસ સ્ટાફ હાજર રહીને યુવાનોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. આગામી મકરસંક્રાંતિ પર્વમાં પતંગની દોરીથી વાહનચાલકોને થતા શારીરિક નુકસાનને રોકવા માટે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. યુવાનોના આ સેવાકાર્યનો મુખ્ય હેતુ વાહનચાલકોને ઘાતક દોરીથી સુરક્ષિત રાખી અકસ્માતો નિવારવાનો છે.

### સોજીત્રાની સી.સી.પટેલ હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ સેવાનો પ્રારંભ કરાયો



**સોજિત્રા** | સોજીત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલના સફળ પ્રયત્નોથી સી.સી. પટેલ સાર્વજનિક હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડની સુવિધાને મંજૂરી મળતા ધારાસભ્યની ઉપસ્થિતિમાં તેનો શુભારંભ કરાયો છે. આ સુવિધા શરૂ થવાથી હવે સ્થાનિક અને આસપાસના વિસ્તારના દર્દીઓને નજીકમાં જ મફત અને શ્રેષ્ઠ તબીબી સારવાર ઉપલબ્ધ થશે. આ પ્રસંગે હોસ્પિટલના ટ્રસ્ટીઓ, તબીબો અને સ્ટાફ સહિત શહેર તથા તાલુકા સંગઠનના વિવિધ હોદ્દેદારો, પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

### લુણાવાડાની વિરણીયા શાળાના સુરેશભાઈ પટેલનો ભવ્ય નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો



**લુણાવાડા** | લુણાવાડા કેળવણી મંડળ સંચાલિત વિરણીયા શાળામાં વર્ષો સુધી સેવા આપનાર સુરેશભાઈ પટેલ વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા તેમનો ભવ્ય નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારો અને ગ્રામજનોએ સુરેશભાઈને શાલ ઓઢાડી તથા સ્મૃતિચિહ્ન એનાયત કરી તેમના શિક્ષણ ક્ષેત્રના બહુમૂલ્ય યોગદાનને બિરદાવ્યું હતું. મંડળના પ્રમુખ મુનેન્દ્રભાઈ પટેલ અને મંત્રી ડી.કે. પટેલ સહિતના મહાનુભાવોની હાજરીમાં આચાર્ય રાકેશ પટેલે સુરેશભાઈની દીર્ઘકાલીન સેવાઓની પ્રશંસા કરી હતી. શિક્ષણ જગતના મિત્રો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુરેશભાઈના સુખદ અને સ્વાસ્થ્યપ્રદ નિવૃત્ત જીવન માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

### સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક શાળામાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું




**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક શાળામાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં 9 વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ રજૂઆત કરી હતી. આ સ્પર્ધામાં ઝાલા રિયા (ધો-6), પરમાર કાવ્ય (ધો-7) અને પટેલ જીલ (ધો-8) પોતપોતાના ધોરણમાં પ્રથમ વિજેતા બન્યા હતા. જ્યારે પઠાણ અબરાર (ધો-6), પરમાર ભૂમિકા (ધો-7) અને પારેખ પ્રણય (ધો-8) એ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તમામ વિજેતાઓ અને સહભાગીઓને ચ.એ. સોસાયટી તથા શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### લુણાવાડામાં એસ.કે. હાઈસ્કૂલમાં 'રાહ વીર' યોજનાની સમજ આપવામાં આવી



**લુણાવાડા** | લુણાવાડાની એસ.કે. હાઈસ્કૂલના વાર્ષિક મહોત્સવમાં આર.ટી.ઓ. અધિકારીઓ દ્વારા માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમો અંગે માર્ગદર્શન આપતો કાર્યક્રમ યોજાયો હતો. આ દરમિયાન અકસ્માત સમયે ઘાયલોને મદદ કરનાર માટેની સરકારની મહત્વાકાંક્ષી 'રાહ વીર' યોજના અને કાયદાકીય રક્ષણ વિશે વિસ્તૃત સમજૂતી અપાઈ હતી. આ કાર્યક્રમમાં માર્ગ સલામતીના પેમ્પલેટ્સનું વિતરણ કરી ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને વાલીઓને સુરક્ષિત મુસાફરી માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ પહેલ દ્વારા શિસ્તબદ્ધ વાહન ચલાવી માર્ગ અકસ્માતો ઘટાડવા પ્રયાસ કરાયો હતો.

### જંત્રાલમાં ભગવાન રણછોડરાયના મંદિરે શ્રીમદ્ ભાગવત કથા અને અન્નકૂટ મહોત્સવ



**બોરસદ** | બોરસદ તાલુકાના જંત્રાલ ગામમાં નવ નિર્મિત ભગવાન શ્રી રણછોડરાયજી મંદિરે સૌ પ્રથમ વખત શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતુ. ભાગવત કથાકાર ઘનશ્યામભાઈ ભટ્ટના વ્યાસપીઠેથી શરૂ કરાયેલ કથાનો લ્હાવો જંત્રાલના શ્રધ્ધાળુ ભાવિકોએ મેળવ્યો હતો. કથાના સમાપન દિવસે અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ભગવાન રણછોડરાયના દર્શન અને અન્નકૂટ દર્શનનો લ્હાવો મેળવવા માટે ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા

### આઈજે પટેલ બી.એડ્. કૉલેજ દ્વારા પ્રકૃતિના સાનિધ્યમાં 'વન ભોજન'નું આયોજન કરાયું



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ. જે. પટેલ બી. એડ્. કોલેજ દ્વારા તાલીમાર્થીઓ પ્રકૃતિને જાણે અને માણે તે હેતુથી 'વન ભોજન' કાર્યક્રમ યોજાયો હતો. આજના જંક ફૂડના યુગમાં વિદ્યાર્થીઓએ આપણી વિસરાતી જતી વાનગીઓ જાતે ચૂલા પર બનાવીને પ્રકૃતિના ખોળે ભોજનનો અનોખો આનંદ લીધો હતો. ડો. નુસરત કાદરી અને યજ્ઞેશ પુરોહિતના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં સ્ટાફ મિત્રોના સહયોગથી સમગ્ર આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે આ પ્રકૃતિલક્ષી સુંદર પ્રવૃત્તિ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

### હઠીપુરા પ્રાથમિક શાળામાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે બાળકોને ગરમ વસ્ત્રોનું વિતરણ કરાયું



**નડિયાદ** | હઠીપુરા પ્રાથમિક શાળામાં ઉત્તરાયણના પવિત્ર પર્વ નિમિત્તે દાતા હિતેશભાઈ પટેલ (કમલેશ સ્ટુડિયો) દ્વારા તમામ બાળકોને ઠંડીથી રક્ષણ માટે ગરમ મંકી ટોપી અને હાથના મોજાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા મયુરિકાબેન રાજપૂતના મિત્ર એવા દાતાએ દાનના મહિમાને સાર્થક કરતા બાળકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે આ ઉમદા પહેલ કરી હતી. શિયાળાની કકડતી ઠંડીમાં આ ગરમ વસ્ત્રોની ભેટ મળતા બાળકોના ચહેરા પર આનંદની લહેર છવાઈ ગઈ હતી. આ પ્રસંગે દાતાનો આભાર વ્યક્ત કરાયો હતો.